`રાજયમાં "ગુજરાત ઓપન સ્કૂલ" શરૂ
કરવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક :- બમશ-૧૦૧૦/૧૩૨૫-ગ,
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૫/૦૭/૨૦૧૦.

આમુખ :-

વિવિધ કારણોસર શાળા છોડી જતા બાળકોને ઉંમર, સમય કે સ્થળના બાધ સિવાય, અધુરૂં શિક્ષણ પૂરુ કરવા માટે ઓપન સ્કૂલ એક ઉમદા તક પુરી પાડે છે. રાષ્ટ્રીય કક્ષાએ ઓપન સ્કૂલની જે ઉપયોગીતા સાબિત થયેલી છે તે લક્ષમાં લેતાં રાજય કક્ષાએ ઓપન સ્કૂલની સ્થાપના કરવામાં આવે તે જરૂરી છે. આ બાબતને લક્ષમાં રાખીને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ માટે જુલાઇ-૨૦૧૦ થી ઓપન સ્કૂલ શરૂ કરવાનું સરકારશ્રીની વિચારણા હેઠળ હતું.

ઠરાવ :-

કાળજીપૂર્વકની વિચારણાને અંતે રાજય સરકારે "ગુજરાત ઓપન સ્કૂલ" શરૂ કરવાનું ઠરાવેલ છે જે અંગેની કામગીરી તથા માળખું નીચે મુજબ રહેશે:-

(૧) ગુજરાત સ્ટેટ ઓપન સ્કૂલ જુલાઇ-૨૦૧૦ થી અમલમાં આવશે.

(૨) ગુજરાત ઓપન સ્કૂલનું સંચાલન ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ સંલગ્ન સોસાયટી રજી. એકટ હેઠળ નોંધાયેલ સોસાયટી દ્વારા કરવામાં આવશે.

(૩) સોસાયટીના અધ્યક્ષ, ઉપાધ્યક્ષ અને સચિવ તરીકે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના ચેરમેન, વાઇસ ચેરમેન તથા સચિવ કામગીરી બજાવશે.

(૪) ગુજરાત ઓપન સ્કૂલ એક સ્વાયત સંસ્થા તરીકે કામગીરી બજાવશે, જેના મુળભૂત ઉદ્દેશ અને કામગીરી નેશનલ ઓપન સ્કૂલના ધોરણે શાળામાં નિયમિત અભ્યાસ નહિ કરનાર ગુજરાતના વિદ્યાર્થીઓને માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક કક્ષાનું "Distance Education and open Learning" ની પધ્ધતિથી શિક્ષણ પુરુ પાડવાનું રહેશે.

(૫) ગુજરાત ઓપન સ્કૂલનું સોસાયટી રજીસ્ટ્રેશન એક્ટ ૧૮૬૦ હેઠળ તેની નોંધણી કરાવવાની રહેશે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જે.એલ. પટેલ)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી,
- માન.મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી,
- માન. રાજયકક્ષાના મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી,
- અગ્ર સચિવશ્રી, શિક્ષણ વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, મ. ભો. યો. અને શાળાઓની કચેરી, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
- સર્વે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ
- નાયબ સચિવશ્રી (પ્રા.શિ.), શિક્ષણ વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી ગ.૧, શાખા, છ- શાખા, શિક્ષણ વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સેકશન અધિકારી સીલેકટ ફાઇલ/સીલેકટ ફાઇલ.